# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

એસ.સી.એસ.ટી.સેલ.

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૩૦૨

ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ: statisticalcell@sauuni.ac.in


નં.એસ.સી.એસ.ટી.સેલ/૨૪૨૧૩૮૪/૨૦૨૪

તા.૧૯/૧૦/૨૦૨૪

**વિષય** :- રેશનકાર્ડ સાથે આધારકાર્ડના ડેટા સીડીંગ તથા E-Kyc અંગેની કામગીરી કરવા બાબત.

**સંદર્ભ** :- (૧) જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી,રાજકોટના તા.૨૭/૦૮/૨૦૨૪ પત્ર ક્રમાંક નં.એન.એફ.એસ.એ./મીટીંગ/૨૯૮/૨૦૨૪

(૨) E-Kyc અંગેની કામગીરી યુનિવર્સિટીઓ સાથે સંકલનથી કરવા અંગેની મીટીંગની કાર્યવાહી નોંધ તા.૨૯/૦૮/૨૦૨૪.

**પરિપત્ર** :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, સંદર્ભ- (૧) પરના પત્રથી તમામ વિદ્યાર્થીઓએ રેશનકાર્ડની અંદર નોંધાયેલ પરિવારના તમામ સભ્યોનું રેશનકાર્ડની સાથે આધારકાર્ડ લીંક કરવા જણાવેલ છે. રેશનકાર્ડની સાથે આધારકાર્ડ લીંક થયા બાદ વિદ્યાર્થીએ જાતે https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration લીંક દ્વારા E-Kyc અપડેટ કરવાનું રહેશે.

વિશેષમાં જણાવવાનું કે, સ્કોલરશીપ મેળવતા તમામ વિદ્યાર્થીઓએ ફરજીયાત રેશનકાર્ડની સાથે આધારકાર્ડ લીંક કર્યા બાદ જ E-Kyc અપડેટ થયા પછી વિદ્યાર્થી પોતાનું સ્કોલરશીપનું ફોર્મ ભરી શકશે.

સંદર્ભ પરના પત્રોમાં જણાવ્યા મુજબની વિગતે યોગ્ય કાર્યવાહી થવા વિનંતી કરવામાં આવે છે.

નાયબ કુલસચિવ

બિડાણ :-

(૧) સંદર્ભિત પત્ર (૧) (૨)ની નકલ

(૨) E-Kyc અપડેટ કરવા અંગેની માહિતી

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ

(૨) માન્ય સંસ્થાઓના વડાઓ

(૩) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

**નકલ સાદર રવાના** :-

માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ અર્થે** :-

(૧) જોડાણ વિભાગ

(૨) પી. જી. વિભાગ

(૩) આંકડા સેલ

(૪) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર મુકવા અર્થે)

(૫) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,
જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી,
જિલ્લા સેવા સદન -૧, જામટાવર પાસે,
શ્રોફ રોડ,રાજકોટ-૩૬૦૦૦૧

# જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી

જિલ્લા સેવા સદન-૧, જામટાવર પાસે, શ્રોફ રોડ, રાજકોટ

પીન કોડ નં. ૩૬૦૦૦૧, ફેક્સ નં. ૦૨૮૧-૨૪૫૦૭૭૮

ઇ-મેઇલ:- dso-raj@gujarat.gov.in


નં. એન.એફ.એસ.એ./મીટીંગ/૨૯૮/૨૦૨૪

તા.૨૩/૦૮/૨૦૨૪

૨૯/૦૮/૨૦૨૪

પ્રતિ,

(૧) ડેપ્યુટી રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિર્વસીટી, રાજકોટ.

(૨) રજીસ્ટ્રારશ્રી, આર.કે. યુનિર્વસીટી, મુ. કસ્તુરબાધામ, તા.જિ.રાજકોટ.

(૩) રજીસ્ટ્રારશ્રી, આત્મીય યુનિર્વસીટી, રાજકોટ.

(૪) રજીસ્ટ્રારશ્રી, મારવાડી યુનિર્વસીટી, મુ.ગવરીદડ, તા.જિ.રાજકોટ.

(૫) રજીસ્ટ્રારશ્રી, દર્શન યુનિર્વસીટી, મુ.હડાળા–કાગદડી, તા.જિ.રાજકોટ.


SC-ST CeLL
Inward No. 24 16047
Date: 03/09/2024
03 SEP 2024
Sau. Uni. Rajkot


વિષયઃ <u>રેશનકાર્ડ સાથે આધારકાર્ડ ના ડેટા સીડીગ E-kyc કરવા અંગે મીટીગનું આયોજન કરવા બાબત.</u>

સંદર્ભઃ (૧) અગ્ર સચિવશ્રી અન્ન અને નાગરિક પુરવઠાના તા.૨૦/૦૮/૨૦૨૪ના પત્ર નં. પીએસ–૨૪–૨૦૨૪

(૨) સંયુકત નિયામકશ્રી અન્ન અને નાગરિક પુરવઠાના અધ્યક્ષ સ્થાને તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ લેવાયેલ વીડીયો કોન્ફરન્સ

ઉપરોકત વિષયે આપને જણાવવાનું કે, હાલ કેન્દ્ર સરકારશ્રીની અતિ અગત્યની રેશનકાર્ડ સાથે આધારકાર્ડના ડેટા સીડીગ કરવા અંગેની E-kyc ની કામગીરી ઝુંબેશ સ્વરૂપે પુર્ણ કરવા માન. મુખ્ય સચિવશ્રીની સુચના છે. આથી ઉપરોકત સંદર્ભ–૧ તળેના પત્ર અને સંદર્ભ–૨ તળેની વીડીયો કોન્ફરન્સમાં અપાયેલ સુચના મુજબ આ કામગીરી અંતર્ગત સ્કુલ અને કોલેજના વિધાર્થીઓની સ્કોલરશીપ માટે E-kyc કરવા અંગે પ્રાથમીકતા આપવાની થાય છે. આથી સદરહુ બાબતે કામગીરી સુચારૂ અને ઝડપી થઈ શકે અને તમામ વિધાર્થીઓનું E-kyc પુર્ણ થઈ શકે તે માટે અત્રેની જિલ્લા પુરવઠા કચેરી, કલેકટર કચેરી બીજો માળ રાજકોટ ખાતે **તા.૨૯/૦૮/૨૦૨૪માં સવારે ૧૧:૩૦** કલાકે મીટીગનું આયોજન કરવામાં આવેલ હોય, આપશ્રીને અચૂક હાજર રહેવા વિનંતી છે.

જિલ્લા પુરવઠા અધિકારી

રાજકોટ

## E-kyc ની કામગીરી યુનિવર્સીટીઓ સાથે સંકલનથી કરવા અંગેની મીટીંગની કાર્યવાહી નોંધ

તા.૨૯/૦૮/૨૦૨૪ સમય : ૧૧ : ૩૦ કલાકે

આજ રોજ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, રાજકોટના અધ્યક્ષ સ્થાને ઉપરોકત વિગતેની જણાવેલ E-kyc ની કામગીરી અંગે મળેલ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ.

| ક્રમ | અધિકારીશ્રીનું નામ અને હોદો |
|---|---|
| ૧ | શ્રી રશ્મિકાંત સી. ભાડેશીયા – આર.કે. યુનિ. ત્રંબા રાજકોટ |
| ૨ | શ્રી ધીરજ શર્મા – આત્મીય યુનિ. રાજકોટ. |
| ૩ | શ્રી અભિષેક મુલીયાણા – સીનીયર કલાર્ક સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ |
| ૪ | શ્રી જોબીન થોમસ – મારવાડી યુનિ. , ગવરીદડ– રાજકોટ |
| ૫ | શ્રી અલ્પેશ ડી. વાઘેલા–દર્શન યુનિ., હડાળા–રાજકોટ |

SC-ST CeLL Inward No. 2418275 Date : 24/09/2024 24 SEP 2024 Sau. Uni. Rajkot

મીટીંગમાં હાજર રહેલ તમામ

(૧) તમામ નાગિરકોનું રેશનકાર્ડ સાથે આધારકાર્ડના ડેટાને સીડ કરી E-kyc કરવાની કામગીરી હાલ ટોચ અગત્યતના સ્થાને હોય, આ કામગીરી વહેલામાં વહેલી તકે ૧૦૦% પુર્ણ કરવાની થાય છે.

(૨) સરકારશ્રીની હાલની સુચના મુજબ પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ મેળવતાં વિદ્યાર્થીઓ માટે E-kyc અગ્રતાના ધોરણે કરવું ફરજીયાત હોય, કોઇ વિદ્યાર્થી E-kyc થવાંના કારણે સ્કોલરશીપથી વંચીત ન રહે માટે શાળા કોલેજોમાં કેમ્પનું આયોજન કરી પ્રથમ વિદ્યાર્થીઓનું E-kyc કરવા બાબતે આયોજન કરવા તથા રાજકોટ જિલ્લામાં આવેલ કુલ શાળાઓ અને તેમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ સુધી માહિતી મોકલી આપવા જણાવ્યું.

(૩) Face authenticationની રીતથી એપ્લીકેશન ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓ પોતાની જાતે પોતાનું E-kyc કરી શકે તે બાબતે દરેક શાળા અને કોલેજોમાં તાલીમનું આયોજન થાય તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું.

(૪) સદરહુ "માય રાશન" એપ્લીકેશનની લીન્ક જનરેટ કરી વધુમાં વધુ લોકો સાથે શેર કરવી.

(૫) આદિ જાતિ અને અનું. જાતિના વિદ્યાર્થીઓને સમજૂત કરી આ કામગીરી પીડીએસ પ્લસની વેબસાઇટ પર લોગીન ધરાવનાર અધિકારી/ કર્મચારીઓએ રૂબરૂ કેમ્પ કરી કામગીરી કરવી. નાયબ નિયામકશ્રી (અનુ. જાતિ) રાજકોટના જણાવ્યા મુજબ અનુ. જાતિ , અનુ. જનજાતિ ના સ્કુલ કોલેજના બધા વિદ્યાર્થીઓના આધારકાર્ડ લીન્ક છે આથી તેઓને માય રાશન એપ્લીકેશન પરથી E-kyc કરી શકાશે. આથી તેઓને સમજૂત કરી અગ્રતાના ધોરણે E-kyc કરાવવા જણાવ્યું.

(૬) પી.એમ. જે. વાય. અને આંબેડકર આવાસ યોજનાના લાભાર્થીઓને સમજૂત કરી તેઓનું E-kyc યોજનાના ફોર્મ જમા કરતી વખતે જ થાય તે મુજબનું આયોજન કરવું.

General Section Inward No. 2418176 Date : 24-9-24 24 SEP 2024 Sau. Uni. Rajkot

ઉપરોક્ત બાબતોની વિગતવાર ચર્ચા કર્યા પછી મીટીંગમાં પધારેલ તમામ અધિકારીશ્રીઓનો આભાર માની મીટીંગ પુર્ણ કરવામાં આવેલ.

જિલ્લા પુરવઠા અધિકારી
રાજકોટ

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. નાયબ સચિવશ્રી,
અન્ન નાગરીક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ (ક/ક–૧/ઈ–શાખા) બ્લોક નં.૧૪/૬ સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

૧. રજીસ્ટ્રારશ્રી, આર.કે. યુનિ. ત્રંબા રાજકોટ
૨. રજીસ્ટ્રારશ્રી, આત્મીય યુનિ. કાલાવડ રોડ, રાજકોટ.
૩. રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનિ. મુંજકા, રાજકોટ
૪. રજીસ્ટ્રારશ્રી,મારવાડી યુનિ. , ગવરીદડ– રાજકોટ
૫. રજીસ્ટ્રારશ્રી,દર્શન યુનિ., હડાળા–રાજકોટ
૬.અત્રેની કચેરીના
વભદ/ કસન / તપસ / અનજ ટેબલે

# ઘરે બેઠા E-KYC કરવાની પદ્ધતિ

APPLICATION LINK -

https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration

APPLICATION QR COAD

"MY RATION" એપ્લીકેશન મોબાઈલમાં ડાઉનલોડ કરી "FACE AUTHENTICATION આધારિત E-KYC" ઘરે બેઠા જાતે કરી શકાય છે. કોઇપણ રાશનકાર્ડ ધારક દ્વારા E-KYC કરવા માટેની કાર્યવાહીના પગલાં (સ્ટેપ્સ) નીચે મુજબ છે.

1. સૌ પ્રથમ રાશનકાર્ડધારકે પોતાના મોબાઈલમાં PLAY STORE જઈ "MY RATION" એપ્લીકેશન ડાઉનલોડ કરવી.
2. ત્યારબાદ હોમ પેજ પર ડાબી બાજુ ઉપરના ખૂણા પર દેખાતી ત્રણ આડી લાઈનવાળા ચિહ્ન પર ક્લિક કરવાનું રહેશે. ઓપન થયેલ વિકલ્પોમાં "પ્રોફાઇલ(PROFILE)" પર ક્લિક કરવાનું રહેશે.
3. ઓપન થતા પેજમાં "તમારું રાશનકાર્ડ લિંક કરો" વિકલ્પ પસંદ કરો. આપના રાશનકાર્ડ નંબર અને આધારકાર્ડના છેલ્લા ચાર આંકડા નાખી "તમારું રાશનકાર્ડ લિંક કરો" પસંદ કરવું.
4. E-KYC કરવા માટે રાશનકાર્ડમાં નોંધાયેલ જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં લિંક થયેલ હશે માત્ર એવા જ સભ્યો એપ્લીકેશન દ્વારા E-KYC કરી શકશે. રાશનકાર્ડમાં નોંધાયેલ જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં લિંક થયેલ ન હોય તે વ્યક્તિએ પોતાના રહેણાંકના વિસ્તાર મુજબ સંબંધિત ઝોનલ કચેરી કે તાલુકા મામલતદાર કચેરીનો રાશનકાર્ડ તથા આધારકાર્ડ સાથે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.
5. જો આધાર નંબર રાશનકાર્ડમાં લિંક થયેલ હશે તો ઓપન થતા પેજ પર "હું સંમતિ સ્વીકારું છું" ☐ ચેકબોક્સ પસંદ કરી "આધાર ઓટીપી જનરેટ કરો " પર ક્લિક કરવાથી જનરેટ થયેલ ઓટીપી દાખલ કરો. "ઓટીપી ચકાસો "પર ક્લિક કરવાથી "Ration Card Linked Successfully, You Can Update Details Now (તમારું રાશનકાર્ડ સફળતાપૂર્વક લિંક થઈ ગયેલ છે.)" તેવો મેસેજ સ્ક્રીન પર દેખાશે.
6. "MY RATION" એપ્લીકેશનમાં રાશનકાર્ડ લિંક થયા બાદ Face based E-KYC કરવા માટે એપ્લીકેશન બંધ કરી ફરી ઓપન કરવી જરૂરી છે.
7. "MY RATION" APPના હોમપેજ પરના આધાર E-KYC મેનુ સિલેક્ટ કરવાથી સ્ક્રીન પર દેખાતા "Download AadhaarFaceRd APP" પર ક્લિક કરવાથી એપ્લીકેશન ડાઉનલોડ થશે.
8. ત્યારબાદ FACE AUTHENTICATION કરવા માટે આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચી ☐ ચેકબોક્સ પસંદ કરી "કાર્ડની વિગતો મેળવો " પર કિલક કરવાનું રહેશે.
9. સ્ટેપ-1 : રેશન કાર્ડ નંબર દાખલ કરો અને 'કાર્ડના સભ્યોની વિગતો મેળવો' બટન પર ક્લિક કરો.
10. સ્ટેપ-2: કાર્ડના સભ્ય પસંદ ક રો અને 'આ સભ્યમાં આધાર E-KYC કરો' બટન પર ક્લિક કરો.
11. સ્ટેપ-3: પસંદ કરેલા સભ્યની આધાર આધારિત ચકાસણીથી ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે, "હું સંમતિ સ્વીકારું છું" ☐ ચેકબોક્સ પસંદ કરો અને 'આધાર ઓટીપી જનરેટ કરો' બટન પર ક્લિક કરો.

Scanned with OKEN Scanner

12. સ્ટેપ-4: પ્રાપ્ત થયેલ આધાર OTP દાખલ કરો અને 'ઓટીપી ચકાસો' બટન પર ક્લિક કરવાથી ચહેરો કેપ્ચર (Face Cpture ) કરવા માટે કેમેરો ઓપન થશે. FACE AUTHENTICATION વખતે સ્ક્રીન પર દેખાતો તમારો ચહેરો કેમેરા સામે સીધો રાખો, આંખ પટપટાવો જેવી સૂચનાઓને અનુસરવાનું રહેશે.

13. ચહેરો સફળતાપૂર્વક કેપ્ચર થયા બાદ "મંજુરી માટે વિગતો મોકલો" ઓપ્શન પર ક્લિક કરવાથી અરજી મંજુરી માટેની વિનંતી સંબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે.


**<u>ખાસ નોંધ</u> :- ગ્રામ્ય સ્તરે E-KYC ની કામગીરી ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (V.C.E.) દ્વારા કરવામાં આવશે. જે માટે રાશનકાર્ડધારકે E-KYC કરાવવા માટે V.C.E. ને કોઈ ચાર્જ ચૂકવાનો રહેશે નહી.**

Scanned with OKEN Scanner

# Face based e-KYC module in My Ration Mobile app


Aadhar based OTP and Face Authentication is required for e-kyc in mobile app. Flow of e-kyc in mobile application is as follows:

**Step-1: Instructions Screen**





On this screen all the necessary information displayed to user. Aadhar FaceRD service is required for face authentication, which is also provided on this screen.

**Step-2: Card Entry**





On this screen card no linked with user's profile is displayed for member search. For now, user can change the ration card no, later on we can skip this screen and card no will be taken directly from user's profile. On same screen user can also check the ekyc status of previous request.

**Step-3: Member Selection**





On this screen, all the members having Aadhar no is listed with their ekyc status, user can select any member whose ekyc status is "No".

**Step-4: Consent for Aadhar Authentication**





Consent message will be displayed for selected member and on acceptance, otp will be sent to selected member's mobile no which is linked to Aadhar. Aadhar no of selected member will be taken from ration card database.

**Step-5: Aadhar OTP Based Authentication (First Factor of Authentication)**





Selected member will get OTP on mobile no linked with seeded Aadhar. User will enter received OTP on this screen and click on "Verify OTP" button. If OTP verification failed, user will get failure message and ekyc request will be aborted.

**Step-6: Face Authentication (Second factor of Authentication)**





Once Aadhar OTP is verified, face capture screen option will appear. If any factor like lights, background, liveliness etc are not as per Aadhar guidelines, user will get message accordingly.

**Step-7: e-KYC data preview and final submit.**




After OTP and Face Authentication, user will the information seeded in Aadhar. User will have option to either send these details for Office verification or cancel the e-kyc request. On submission, e-kyc details will be displayed to concern dy. Mamlatdar/Zonal officer.

**Step-8: Final Submission**




After final submission, user will get confirmation message.

After sending request for confirmation, KYC request will be available in Supply Office Login (Dy. Mamlatadar/Zonal Officer) for approval on below menu.

RCMS -> My Ration Menu -> Face eKYC Request

Face Ekyc Request (My Ration)

| View | Sr. No. | Request Id | Ration Card | Member No | Member Name | Gender | Address | Request On |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 10 | 104007009829601 | 4 | પટેલ સ્મીતકુમાર હસમુખભાઈ | Male | ૩૧/દેલોલીનગર મોઢેરા રોડ મુ મહેસાણા મહેસાણા મહેસાણા | 20/12/2023 |
| | 2 | 189 | 104007009829601 | 3 | પટેલ નિધીબેન હસમુખભાઈ | Female | ૩૧/દેલોલીનગર મોઢેરા રોડ મુ મહેસાણા મહેસાણા મહેસાણા | 21/12/2023 |
| | 3 | 192 | 104007009829601 | 3 | પટેલ નિધીબેન હસમુખભાઈ | Female | ૩૧/દેલોલીનગર મોઢેરા રોડ મુ મહેસાણા મહેસાણા મહેસાણા | 21/12/2023 |
| | 4 | 237 | 104007009829601 | 4 | પટેલ સ્મીતકુમાર હસમુખભાઈ | Male | ૩૧/દેલોલીનગર મોઢેરા રોડ મુ મહેસાણા મહેસાણા મહેસાણા | 21/12/2023 |

**Member's Ration Card Data :**

Ration Card [redacted]
Member ID [redacted]
Name પટેલ [redacted]
Gender Male
Birth Date 16*
Relation with HOF : પુત્ર
Applicant Mobile No [redacted]
Address ૩૧/દેલોલીનગર [redacted]

* DOB is not available, age as on date of creation of card

**Aadhaar Data**

Aadhaar No XXXX-XXXX-0812
Name (Guj) [redacted]
Name (Eng) [redacted]
Birth Date [redacted]
Gender : [redacted]
Address (Guj) [redacted]
Address (Eng) [redacted]



Action On 21/12/2023
Action By Shiwanshu
Action Select Action
Remark
Take Decision

On this page Dy. Mamlatdar (supply)/ Zonal officer can view data of ration card and Aadhar for selected request and take action accordingly.

Officer can Approve / Reject eKYC request with remarks.